# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### ચોથું સત્ર

## ગુરુવાર, ૦૮ ફેબ્રુઆરી, ૨૦૨૪

----

જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓઃ [સામાન્ય વહિવટ - ગૃહ અને પોલીસ હાઉસિંગ - શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ - બંદરો - ખાણ અને ખનિજ - માહિતી અને પ્રસારણ - વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી - તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય કોઈ મંત્રીશ્રીઓને ન ફાળવેલ તમામ વિષયો - માર્ગ અને મકાન અને પાટનગર યોજના - નર્મદા અને કલ્પસર - વાહન વ્યવહાર - મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન - યાત્રાધામ વિકાસ - સરહદી સુરક્ષા - નાગરિક સંરક્ષણ - ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ - જેલ - નશાબંધી અને આબકારી - સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન - બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ - રમતગમત અને યુવક સેવા - પંચાયત - વહિવટી સુધારણા અને તાલીમ આયોજન ].

**કુલ પ્રશ્નો 51**

----

### અમદાવાદ શહેરમાં સેવા સેતુ કાર્યક્રમ

15/4/390 *1 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**સામાન્ય વહિવટ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)**જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમ યોજવામાં આવ્યા,

(૨) આ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી.અને

(૩) ઉકત સ્થિતિએ આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી અને તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ?

----

### દાહોદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

15/4/586 *2 **શ્રી કનૈયાલાલ બચુભાઈ કિશોરી (દાહોદ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?

----

**૧૫માં નાણાપંચ અંતર્ગત તાપી જિલ્લાના તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત ફાળવેલ ગ્રાન્ટ**

15/4/216 *3 **શ્રી મોહનભાઈ ઢેડાભાઈ કોંકણી (વ્યારા):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૫માં નાણાપંચ અંતર્ગત તાપી જીલ્લાના વ્યારા અને ડોલવણ તાલુકામાં તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયતોને કુલ કેટલી ગ્રાંન્ટ ફાળવામાં આવેલ,

(૨) તે પૈકી ઉક્ત ગ્રાન્ટમાંથી વ્યારા ડોલવણ તાલુકા પંચાયત અને ગ્રામ પંચાયત દ્વારા કેટલા કામનું આયોજન કરવામાં આવ્યું.

(૩) ઉક્ત સ્થિતિ કેટલા કામો પૂર્ણ કરવામાં આવ્યા છે, અને કેટલા બાકી છે, અને

(૪) ઉક્ત પૂર્ણ કામ સામે કુલ કેટલો ખર્ચ થયેલ છે.??

----

**વડોદરા શાખા નહેર પરના સોલર આધારિત વીજ મથકની ક્ષમતા**

15/4/591 *4 **શ્રી શૈલેષભાઈ કનૈયાલાલ મહેતા (ડભોઈ):**

**નર્મદા અને કલ્પસર :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નર્મદા કેનાલની વડોદરા શાખા નહેર પરના સોલર આધારિત વીજ મથકની ક્ષમતા કેટલી છે, અને

(૨) તેનાથી ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલી વીજળી ઉત્પન્ન થયેલ છે?

----

## સરકારી ભરતીના પેપરો ફુટવા બાબત

15/4/617 *5 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૪/૦૨/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૫૬ (અગ્રતા-૫૩)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) સરકાર/સરકારી એજન્સીઓ દ્વારા કરવામાં આવતી ભરતી પરીક્ષામાં પેપરલીક બાબતે નોંધાયેલ ત્રણ ગુનામાં ૨૦ ગુનેગારોને પકડવાના બાકી હતા તે પૈકી કેટલા ગુનેગારોને તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પકડવામાં આવ્યા અને કેટલા ગુનેગારોને પકડવાના બાકી છે,

(૨) ઉક્ત બાકી ગુનેગારો કઈ ભરતી પરીક્ષાનું પેપરલીકના ગુનામાં સંડોવાયેલા છે, અને

(૩) ઉક્ત બાકી ગુનેગારોને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા?

----

## દાહોદ જિલ્લામાં હક્ક પત્રક નોંધોના નિકાલ કરવા બાબત

15/4/584 *6 **શ્રી રમેશભાઇ ભુરાભાઇ કટારા (ફતેપુરા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના કારણો શા છે?

----

## ભાવનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની મંજૂર જગ્યાઓ

15/4/574 *7 **શ્રી ગૌતમભાઇ ગોપાભાઇ ચૌહાણ (તળાજા):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને

(૩) કેટલી જગ્યા ખાલી છે?

----

## દાહોદ જિલ્લામાં કાર્યરત જિલ્લા રમત સંકુલ

15/4/595 *8 **શ્રી શૈલેષભાઈ સુમનભાઈ ભાભોર (લીમખેડા):**

**રમતગમત અને યુવક સેવા :-**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં જિલ્લા રમત સંકુલ કાર્યરત છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત જિલ્લા રમત સંકુલમાં ઉક્ત સ્થિતિએ કેટલી રમતનાં મેદાનો આવેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ઉક્ત જિલ્લા રમત સંકુલ પાછળ કેટલો ખર્ચ થયેલ છે?

----

## બનાસકાંઠા જિલ્લામાં હયાત સ્ટ્રક્ચરની જગ્યાએ હાઈ લેવલ બ્રિજ બનાવવા

15/4/620 *9 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકામાં થરા-હારીજ રસ્તા પર આવેલ ખારીયા ડીપ, ટોટાણા ડીપ અને અસાલડી ડીપ પર હયાત સ્ટ્રક્ચરની જગ્યાએ હાઈ લેવલબ્રિજ બનાવવા અંગેની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત હાઈ લેવલ બ્રિજ કેટલા ખર્ચે તથા કેટલા સમયમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

----

## ખેડબ્રહ્મા તાલુકામાં મંજુર થયેલ રસ્તાઓના કામ

15/4/109 *10 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ ખેડબ્રહ્મા તાલુકામાં છેલ્લા બે વર્ષમાં માર્ગ-મકાન વિભાગ હસ્તકના મંજૂર થયેલ રસ્તાઓના કામ પૂર્ણ થયેલ નથી તે હકીકત સાચી છે કે કેમ,

(૨) જો હા, હોય તો તેના કારણો શું છે, અને

(૩) આ મંજૂર થયેલ રસ્તાઓની કામગીરી કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે?

----

## ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વિવિધ સંવર્ગવાર જગ્યાઓ ભરવા બાબત

15/4/636 *11 **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર):**

**સામાન્ય વહિવટ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)**જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરવા માટે કયારે જાહેરાત બહાર પાડવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ તે અન્વયે કેટલી ભરતી પ્રક્રિયાઓ પૂર્ણ કરીને સંવર્ગવાર કેટલી જગ્યાઓ માટેની પસંદગી યાદી સંબંધિત વિભાગને મોકલી આપવામાં આવી, અને

(૩) ઉકત સ્થિતિએ કઈ બાકી ભરતી પ્રક્રિયા કયાં સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે?

----

## ભરૂચ જિલ્લામાં તલાટી-કમ-મંત્રીનું મહેકમ

15/4/561 *12 **શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા (વાગરા):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં તલાટી કમ મંત્રીની કેટલી જગ્યા ભરાયેલ છે અને કેટલી જગ્યા ખાલી છે. અને

(૨) આ ખાલી જગ્યાઓ કયા સુધીમાં ભરવામાં આવશે?

----

## દેવભૂમિ-દ્વારકા અને વડોદરા જીલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સનો જથ્થો

15/4/608 *13 **શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં દેવભૂમિ-દ્વારકા અને વડોદરા જીલ્લામાંથી કેટલું ડ્રગ્સ પકડવામાં આવ્યું,

(૨) તેની કિંમત કેટલી છે, અને

(૩) ઉકત પકડાયેલ ડ્રગ્સ અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી?

----

## સરદાર સરોવર નર્મદા યોજનાની કેનાલો બનાવવાની કામગીરી

15/4/614 *14 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**નર્મદા અને કલ્પસર :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૪/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૩૬૭ (અગ્રતા-૧૦૫)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) નર્મદા યોજનાની શાખા નહેરની સુધારેલ અંદાજીત લંબાઈ પૈકી ૦.૯૩ કિ.મી., વિશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ પૈકી ૧૭૧.૬૮ કિ.મી., પ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ પૈકી ૧૦૭૦.૮૪ કિ.મી., તથા પ્રપ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ પૈકી ૪૭૩૨.૧૯ કિ.મી. લંબાઈમાં કામો બાકી હતા તે પૈકી કયા પ્રકારની કેનાલનું કેટલા કિ.મી.નું કામ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પુર્ણ કરવામાં આવ્યું,

(૨) ઉકત સ્થિતિએ કયા પ્રકારની કેનાલની કેટલા કી.મી.ની કામગીરી બાકી છે, અને

(૩) ઉકત બાકી કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત

15/4/211 *15 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક, કેવડીયા ખાતે દુકાનો લીઝ પેટે આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કયારે, કેટલી દુકાનો, કેટલા સમય માટે, કયા દરે લીઝ પેટે આપવામાં આવેલ છે,

(૩) ઉકત દુકાનો લીઝથી આપવા માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૪) તે અન્વયે ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેટલી રકમની આવક થઈ?

----

## ખેડા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા ભરવા બાબત

15/4/571 *16 **શ્રી સંજયસિંહ વિજયસિંહ મહિડા (મહુધા):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે?

----

## સુરેન્દ્રનગર જિલ્લામાં પશુધન નિરિક્ષકની મંજુર જગ્યાઓ

15/4/576 *17 **શ્રી શામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ (ચોટીલા ):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં પશુધન નિરિક્ષકની કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ, કેટલી જગ્યા ભરાયેલ છે, અને

(૩) કેટલી જગ્યા ખાલી છે?

----

## પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકનદર/ભાડાથી સરકારી જમીન

15/4/643 *18 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં સભાગૃહમાં તા.૨૬/૦૩/૨૦૨૧ના સભાગૃહમાં રજૂ થયેલ સત્તરમી અતારાંકિત યાદીમાં અતારાંકિત પ્રશ્ન ક્રમાંક-૭૫૭૪ના અનુસંધાને માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) પોરબંદર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થા સ્વામીનારાયણ એજ્યુકેશન એન્ડ રીસર્ચ ફાઉન્ડેશનને ૪૦,૦૦૦ચો.મી. જમીન ટોકનદર/ભાડાથી આપવામાં આવેલ તે જમીન શરતભંગ થતાં જમીનના આકારના ૧૦ પટ દંડ કરવા તથા હુકમની તારીખથી બે વર્ષમાં ઈજનેરી કોલેજ શરૂ કરવા માટે તા.૧૦/૧૧/૨૦૨૦ના હુકમ કરવામાં આવેલ તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે ઈજનેરી કોલેજ શરૂ કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઈજનેરી કોલેજ શરૂ થયેલ ન હોય તો શરતભંગ બદલ અને જમીન પરત લેવા ક્યારે શા પગલાં લીધાં?

----

## અમદાવાદ મહાનગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ

15/4/589 *19 **શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ પટેલ (નારણપુરા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

(૧) અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ છે,

(૨) તે અંતર્ગત કેટલા કામ મંજૂર થયેલ છે, અને

(૩) તે પૈકી કેટલા કામ પૂર્ણ થયેલ છે?

----

## સુરત જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યા ભરવા બાબત

15/4/572 *20 **શ્રી સંદીપ દેસાઈ (ચોર્યાસી):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે?

----

## લાખેણી ડીસ્ટ્રી (એલ.ડી.-૧૯)ની કારીયાણી માઈનોર-૩ની લંબાઈ

15/4/592 *21 **મહંત શ્રી શંભુનાથજી ટુંડીયા (ગઢડા):**

**નર્મદા અને કલ્પસર :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) બોટાદ શાખા નહેરની લાખેણી ડેસ્ટ્રી (એલ.ડી.-૧૯)ની કારીયાણી માઈનોર-૩ની કુલ લંબાઈ કેટલી છે,

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આ માઈનોરમાં કુલ કેટલી લંબાઈમાં બાંધકામ પૂર્ણ થયેલ છે, અને

(૩) સદરહું માઈનોરમાં કુલ કેટલી લંબાઈમાં પાણીનું વહન થાય છે?

----

## કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત

15/4/202 *22 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક, કેવડીયા ખાતે દુકાનો લીઝ પેટે આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કયારે, કેટલી દુકાનો, કેટલા સમય માટે, કયા દરે લીઝ પેટે આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત દુકાનો લીઝથી આપવા માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેટલી રકમની આવક થઈ?

----

## છોટાઉદેપુર જિલ્લામાં પશુધન નિરિક્ષકની મંજુર જગ્યાઓ

15/4/575 *23 **શ્રી જયંતિભાઈ સવજીભાઈ રાઠવા (જેતપુર(એસ.ટી.)):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં પશુધન નિરિક્ષકની કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ, કેટલી જગ્યા ભરાયેલ છે, અને

(૩) કેટલી જગ્યા ખાલી છે?

----

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં નાણાકીય ઉચાપાતના કારણે આત્મહત્યા

15/4/633 *24 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાડથર ગામના કેટલી વ્યક્તિઓએ પોતાની સાથે થયેલ નાણાકીય ઉચાપાતના કારણે આત્મહત્યા કરી,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમો સામે શા પગલાં લીધાં, અને

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમોને પકડવાના બાકી છે?

----

## અમદાવાદ સેન્ટ્રલ જેલમાંથી કેદીઓને સજા માફી

15/4/611 *25 **શ્રી ઈમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ સાબરમતી સેન્ટ્રલ જેલમાંથી વર્ષવાર કેટલા કેદીઓને સજા માફી આપીને વહેલાં છોડવામાં આવ્યા, અને

(૨) ઉક્ત સજા માફીના કારણો શાં છે?

----

## અમદાવાદ અને ભાવનગર જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મહેકમ

15/4/566 *26 **શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ (મહુવા):**

**વાહન વ્યવહાર :-**

માનનીય **વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

## કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત

15/4/183 *27 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક, કેવડીયા ખાતે કેટલી દુકાનો લીઝ પેટે ક્યારે, ક્યા દરથી આપવામાં આવેલ છે,

(૨) ઉક્ત દુકાનો લીઝથી આપવા માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૩) જો ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં ન આવેલ હોય તો તેના કારણો શા છે અને તેના માટે જવાબદારો સામે શા પગલાં લીધાં?

----

## નવસારી જિલ્લામાં શહેરી વિસ્તારમાં સેવાસેતુ કાર્યક્રમ

15/4/581 *28 **શ્રી આર.સી.પટેલ (જલાલપોર):**

**સામાન્ય વહિવટ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)**જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો-૮) હેઠળ શહેરી વિસ્તારમાં કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા,

(૨) આ સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી,

(૩) આ કાર્યક્રમ હેઠળ શહેરી વિસ્તારમાં કેટલી અરજીઓ આવી, અને

(૪) તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો?

----

## સુરત જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

15/4/585 *29 **શ્રી મનુભાઈ એમ. પટેલ (ઉધના):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?

----

## અમદાવાદ શહેરમાં ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત)ના કાયદા હેઠળ નોંધાયેલ ગુનાઓ

15/4/631 *30 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ શહેરમાં ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત)ના કાયદા હેઠળ કેટલા ગુનાઓ નોંધાયા,

(૨) ઉક્ત ગુનામાં સંડોવાયેલા ઈસમો પાસેથી કઈ પરીક્ષાની કેટલી ઉત્તરવહીઓ મળી આવેલ છે,

(૩) ઉક્ત ગુનાઓમાં સંડોવાયેલા કેટલા ઈસમોને ઉક્ત સ્થિતિએ પકડવામાં આવ્યા અને કેટલાને પકડવાના બાકી છે, અને

(૪) ઉક્ત બાકી ઈસમોને પકડવા માટે શા પગલાં લેવામાં આવ્યા?

----

## જામનગર જિલ્લામાં હકક પત્રક નોંધોનો નિકાલ બાબત

15/4/583 *31 **શ્રી મેઘજીભાઈ અમરાભાઈ ચાવડા (કાલાવડ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) જામનગર જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) નામંજૂર કરવાના કારણો શા છે?

----

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મહેકમ

15/4/567 *32 **શ્રી મહેન્દ્રભાઈ રમેશભાઈ ભાભોર (ગરબાડા):**

**વાહન વ્યવહાર :-**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ. કચેરીનું સર્વર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલુ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

----

## કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત

15/4/208 *33 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક, કેવડીયા ખાતે દુકાનો લીઝ પેટે આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કયારે, કેટલી દુકાનો, કેટલા સમય માટે, કયા દરે લીઝ પેટે આપવામાં આવેલ છે,

(૩) ઉક્ત દુકાનો લીઝથી આપવા માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ છે કે કેમ, અને

(૪) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેટલી રકમની આવક થઈ?

----

**સંત રોડ થી સંતરામપુર રોડ સ્ટેટ હાઈવે મંજૂર કરવા બાબત**

15/4/564 *34 **શ્રીમતી નિમિષાબેન મનહરસિંહ સુથાર (મોરવા હડફ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ અને મહીસાગર જિલ્લાને જોડતા સ્ટેટ હાઈવે પરનો સંતરોડથી સંતરામપુરનો રોડ જર્જરિત અવસ્થામાં છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત બાબતે શી કાર્યવાહી કરેલ છે?

----

**ભાવનગર મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

15/4/590 *35 **શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા (ભાવનગર (પૂર્વ)):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ભાવનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ છે,

(૨) તે અંતર્ગત કેટલા કામ મંજૂર થયેલ છે, અને

(૩) તે પૈકી કેટલા કામ પૂર્ણ થયેલ છે?

----

**ગીર સોમનાથ અને જુનાગઢમાં આવેલ બ્લેક સ્ટોનની ખાણો**

15/4/393 *36 **શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ અને જુનાગઢમાં આવેલ બ્લેક સ્ટોનની ખાણોને મંજૂરી આપવામાં આવેલ છે કે કેમ ,

(૨) જો હા તો, ઉક્ત સ્થિતિએ કેટલી ખાણો ચાલુ છે અને કેટલી ખાણો બંધ છે,અને

(૩) ઉક્ત ખાણો બંધ થવાના કારણો શા છે ?

----

## ઉંઝા-પાટણ રસ્તાના સમારકામ બાબત

15/4/625 *37 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉંઝા-પાટણ વાયા બાલીસણા રસ્તાના સમારકામ માટે કઈ એજન્સીને કેટલા સમયમાં કામગીરી પૂર્ણ કરવાની શરતે કામ સોંપવામાં આવ્યું,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને

(૩) ઉક્ત કામગીરી નબળી અને હલકી ગુણવત્તાની થયેલ હોય તો ઉક્ત સ્થિતિએ કોની સામે શા પગલાં લીધાં?

----

## મોરબી જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યા ભરવા બાબત

15/4/570 *38 **શ્રી જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી (જીતુ સોમાણી) (વાંકાનેર):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લાના તાલુકાઓમાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે?

----

**"ગોવિદ ગુરુ-લીમડી" તાલુકાની નવ રચનાની દરખાસ્ત બાબત**

15/4/163 *39 **શ્રી મહેશભાઇ ભુરીયા (ઝાલોદ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાનું વિભાજન કરી નવીન "ગોવિંદ ગુરુ-લીમડી" તાલુકાની નવ રચના માટેની દરખાસ્ત સરકારમાં પડતર છે, તે હકીકત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત નવા તાલુકાની રચના કરવા અંગે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે?

----

**બનાસકાંઠા જિલ્લામાં ગૌચરની જમીનમાં દબાણ**

15/4/540 *40 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જીલ્લામાં તાલુકાવાર ગૌચરની કેટલી જમીન આવેલ છે,

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ ઉક્ત ગૌચરની જમીન પર કેટલુ દબાણ થયેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દબાણો દૂર કરવા સરકારે શી કાર્યવાહી હાથ ધરેલ છે?

----

**બનાસકાંઠા જિલ્લામાં વિદેશી દારૂ પકડવા બાબત**

15/4/621 *41 **શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર વિદેશી દારૂના કેટલા કેસ દાખલ કરવામાં આવ્યા,

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, તાલુકાવાર કેટલા ઈસમો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત વર્ષવાર, તાલુકાવાર કેટલા ઈસમો સામે પાસા હેઠળ કાર્યવાહી ન કરવામાં આવી?

----

## વિજયનગર અને પોશીના તાલુકામાં આવેલ વિશ્રામગૃહ

15/4/110 *42 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ વિજયનગર અને પોશીના તાલુકામાં આવેલ વિશ્રામગૃહ કાર્યરત છે કે કેમ, અને

(૨) જો વિશ્રામગૃહ ન હોય તો નવા વિશ્રામગૃહ બનાવવા સરકારે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરેલ છે?

----

## IT-ITes પોલીસી હેઠળ ચૂકવવાની બાકી સબસીડી

15/4/637 *43 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (વિજ્ઞાન અ ન પ્રૌદ્યોગિકી)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે ૨૦૧૯માં જાહેર કરેલ IT-ITes પોલિસી હેઠળ આઈટી સેકટરના ઉદ્યોગોને કેવા પ્રકારની સબસીડી આપવાની જોગવાઈ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કેટલી રકમની સબસીડી કેટલા ઉદ્યોગોને આપવાની બાકી છે, અને

(૩) ઉક્ત સબસીડી આપવાના બાકી હોવાના કારણો શા છે અને તે કયાં સુધીમાં આપવામાં આવશે?

----

## જૂનાગઢ જિલ્લામાં નદીઓમાંથી ગેરકાયદેસર રેતીની ચોરી

15/4/640 *44 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર નદીઓમાંથી કેટલી ગેરકાયદેસર રેતી (ખનિજ)ની ચોરી પકડવામાં આવી,

(૨) ઉક્ત રેતી પકડવામાં વર્ષવાર કેટલા વાહનો જપ્ત કરવામાં આવ્યા,

(૩) ઉક્ત રેતી ચોરી અન્વયે કેટલા ઈસમોને કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો, અને

(૪) ઉક્ત કરવામાં આવેલ દંડ પૈકી કેટલા ઈસમો પાસેથી કેટલી રકમ વસુલવાની બાકી છે?

----

**જામનગર જિલ્લામાં રોડ અકસ્માત અટકાવવા લીધેલ પગલા**

15/4/634 *45 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર જિલ્લાના હનુમાનગઢ-તરસાઈ રોડ અને જામજોધપુર-શેઠવડાળા રોડ પર કેટલા અકસ્માતો નોંધાયા,

(૨) ઉક્ત અકસ્માતોમાં ઉક્ત રોડવાર કેટલા નાગરીકોના મૃત્યુ થયા અને કેટલા નાગરીકો ઈજાગ્રસ્ત થયા, અને

(૩) ઉક્ત રસ્તાઓમાં અકસ્માત ઘટે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા?

----

**ડિઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી ફાળવેલ રકમ**

15/4/623 *46 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

૧૫મી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૪/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૩૮૮ (અગ્રતા-૧૦૨)ના અનુસંધાને માનનીય **મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન)**જણાવવા કૃપા કરશે કે:-

(૧) અતિવૃષ્ટિની પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ તા.૧૫/૧૨/૨૦૨૨ના પત્રથી રૂ.૧૫૨.૯૯ કરોડની માંગણી કરવામાં આવેલ તે કેન્દ્ર સરકાર પક્ષે વિચારણાધીન હતી તો તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી ક્યારે કેટલી રકમ મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેન્દ્ર સરકાર તરફથી રકમ ન મળી હોય તો પુનઃમાંગણી કે રજુઆત કરવામાં આવેલ છે કે કેમ?

----

**રાજ્ય સરકારે એસ.ટી. નિગમ પાસેથી લેવાની થતી રકમ**

15/4/645 *47 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**વાહન વ્યવહાર :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૪/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ-૩૨૬૮ (અગ્રતા-૧૦૬)ના અનુસંધાને માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) રાજ્ય સરકારે એસ.ટી. નિગમ પાસેથી રૂ.૩૭૭૦.૯૭ કરોડની રકમ લેવાની નીકળતી હતી તે પૈકી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા પ્રકારની કેટલી રકમ મેળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ એસ.ટી. નિગમ પાસેથી રાજ્ય સરકારે કયા પ્રકારની કેટલી રકમ લેવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી રકમ પૈકી કેટલી રકમ કયા વર્ષથી લેવાની બાકી નીકળે છે?

----

## ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ શહેરમાં ડીકલેર ટી.પી.

15/4/394 *48 **શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ શહેરમાં ટી.પી. સ્કીમોની મંજૂરી માટે કેટલી દરખાસ્તો સરકારમાં પડતર છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી ટી.પી. સ્કીમોની મંજૂરી આપવામાં આવી?

----

## ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન આપવા બાબત

15/4/638 *49 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**માહિતી અને પ્રસારણ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૪-૦૩-૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૩૮૩ (અગ્રતા-૨)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (માહિતી અને પ્રસારણ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન કરવા ફિલ્મ નિર્માતાઓ તરફથી સબસીડી મેળવવાની ૧૨૮ અરજીઓ પડતર હતી તે પૈકી તો તા.૩૧/૧૨/૨૦૨૩ને સ્થિતિએ કેટલા નિર્માતોઓને કેટલી ફિલ્મોમાં સબસીડી ચૂકવવાની આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ગુજરાતી ચલચિત્રોને પ્રોત્સાહન કરવા ફિલ્મ નિર્માતાઓ તરફથી સબસીડી મેળવવાની કેટલી અરજીઓ પડતર છે, અને

(૩) ઉક્ત પડતર અરજીઓમાં ક્યાં સુધીમાં સબસીડી ચૂકવવામાં આવશે?

----

## જામનગર જિલ્લાના લાલપુરમાં આવેલ જર્જરીત વિશ્રામગૃહ

15/4/635 *50 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં વિશ્રામગૃહ જર્જરીત હાલતમાં છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત વિશ્રામગૃહને નવું બનાવવા માટે ઉક્ત સ્થિતિએ શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) ઉક્ત વિશ્રામગૃહને ક્યાં સુધીમાં નવું બનાવવાની કામગીરી પુર્ણ કરવામાં આવનાર છે?

----

## ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જમીનના રી-સર્વે અંગેની કામગીરી

15/4/397 *51 **શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જમીનના રી-સર્વે અંગેની કામગીરી ક્યા સુધી કરવામાં આવેલ છે, અને

(૨) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

----